

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*'દિલ'ની વાતો કરીને ઈમેજ સુધારવી છે,*
*મનપસંદ ભાલગાથી સત્તા વધારવી છે,*
*ઉધારવી છે દોસ્તી ધર્મનિરપેક્ષતા ચોપડે -*
*દાંત વિનાની ગાય દાનમાં પધરાવવી છે.*

હાઈકુ

*માયાવી જાળે*
*પાથરે છે ગાલીચા*
*આ...જા... ફસાજા!*
*(કાશ્મીરી બેઠક)*

*પીએ છે પાણી*
*સાત ઘરણે ગાળી*
*મુફતી-અબ્દુલા!*
*(પાક પ્યાલામાં)*

### ચિંતન

*શત દધાન્ન વિવેદેદિતિ વિજ્ઞસ્ય સમતમ્ ।*
*વિના હેંતુમપિ દ્વંદ્વ મેતન્મુર્ખસ્ય લક્ષણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

'સમજુ, અને જ્ઞાની માણસોનો એવો મત છે કે ભલે પૈસા આપવા પડે તો પણ વિવાદનો અંત આણવો, વાદ-વિવાદ, કરવાં નહીં. પરંતુ દુર્જન-મૂર્ખ લોકોનું લક્ષણ અને માન્યતા સ્વભાવ એવા હોય કે કારણ ન હોય તો ઉપજાવીને પણ કજીયો - કંકાસ કરવા.

કેટલાક લોકો શાંતિપ્રિય હોય છે. વાદ-વિવાદ-કજિયા-કંકાસ અને જીદથી દૂર જ રહેવા ઈચ્છતા હોય છે એટલું જ નહીં થોડી ઘણી અગવડ કે અન્યાય સહન કરીને પણ 'વાજબી' માગણી હક્ક જતો કરીને માનસિક શાંતિ મૌન રહી કંકાસને ટાળે છે.

જીદ-જક્કી વલણ અને પોતાની માન્યતાઓને સત્યનું સ્વરુપ સમજી પકડી લે ત્યારે ઘરમાં વાતાવરણ ડહોળાય છે. સંબંધોમાં તિરાડ પડે છે. પતિ-પત્નીમાં એક પાત્ર 'નમતું' જોખીને, માન-અપમાન જતાં કરીને નમ્રતા કેળવે તો જ 'સંસાર રથ' સરખો ચાલે, શાંતિ સુખમાં રહેવા સહનશક્તિ અને ક્ષમાભાવ ખૂબ જ જરૂરી છે.

### સુવિચાર

- અસ્તિત્વ ઉનકી સુરક્ષા કરતા હૈ જો સત્ય કી ખોજ મેં હૈ... - **ઓશો**
- અહીં પગના તળીયા કોઈ નથી જોતું... બુટની પોલીશ ચકાચક હોવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- એક સમાન ભાષા બોલનારાઓ નહીં પરંતુ
  એક સમાન લાગણી ધરાવતા લોકો એકબીજાને સમજી શકે છે - **મૃંગાક શાહ**
- જે પોતાનું નામ પોતાના કર્મોથી બનાવે તે જ ઉત્તમ માણસ - **બોધિવૃક્ષ**
- કોઈ પણ વસ્તુઓ નિર્ણય કરવાને માટે ત્રણ વસ્તુની જરૂરી છે,
  અનુભવ, જ્ઞાન અને નિર્ણયને અભિવ્યક્તિ કરવાની ક્ષમતા - **સંત રોબિન**
- બીજાના અવગુણ શોધવાનો સમય મળતો હોય તો,
  સમજી લો કે આપણે હજી બેરોજગાર છીએ - **સાંઈરામ**
- આજનું ઔષધ : કાળી જીરી લીંબુના રસ સાથે મેળવી માથામાં બે કલાક લગાડી રાખવાથી જૂ મરી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુલાબના સુંદર છોડાથી પ્રભાવિત થઈને લોકો તેનું ફૂલ તોડીને પોતાની સાથે લઈ જતા હતા. પરિણામે ગુલાબનો છોડ દુઃખી રહેવા લાગ્યો. તેની ડાળીઓ પર ઉગી રહેલા ફૂલોની સંખ્યા પણ ઘટતી જતી હતી. તે ઈચ્છવા છતાં કંઈ કરી શકતો ન હતો. છેવટે તેણે તેની આ સમસ્યા એક જાણકાર માણસને રજુ કરી. એ માણસે ગુલાબના છોડની સમસ્યા સાંભળીને કહ્યું, 'આ દુનિયાની એવી રીત છે તે કમારી સાથે કોઈ જેવો વ્યવહાર કરે, તેની સાથે તમારે પણ એવો જ વ્યવહાર કરવો. જો તમે એવું નહીં કરો તો આ દુનિયા તમારું અસ્તિત્વ નાબુદ કરી નાખે. 'ગુલાબના છોડને એ જાણકારની સલાહ ઉત્તમ લાગી. હવેથી તેણે પોતાની સલામતી માટે પોતાની ડાળીઓ પર કાંટા ઉગાડવાના શરુ કરી દીધા. જે કોઈ એની તરફ જે હાથ લંબાવે તેને કાંટા ઉગાડવાના શરુ કરી દીધા. જે કોઈ એની તરફ જે હાથ લંબાવે તેને કાંટા વાગતા. થોડા દિવસ પછી ગુલાબના છોડને એક સંત મહાત્મા સાથે સત્સંગ કરવાનો મોકો મળ્યો. સાધુએ તેને કહ્યું 'પોતાના હાથે કોઈનું ભલું થાય તો એનાથી સારી વાત કઈ હોઈ શકે? પોતાનું જીવન પરોપકારમાં વાપરી શકો એનાથી દુનિયામાં કોઈ મોટો સન્માનીય ન હોઈ શકે.' મહાત્માનો સંદેશ સાંભળીને ગુલાબને પોતાની ભૂલ સમજાઈ હવે તેને નવા સુધરેલા માહોલમાં પોતાની સુંદરતી અને સુવાસ ફેલાવવામાં આનંદ આવવા લાગ્યો. આજે ગુલાબે જે આદર સન્માન મેળવ્યું છે. તે પોતાના કાંટાને લીધે નહીં, પોતાના ફુલ અને સુગંધને લીધે મેળવ્યું છે. જીવનમાં ગુલાબની જેમ સુવાસ અને સુંદરતાને ફેલાવે તે સર્વત્ર સફળ અને સ્વીકૃત બની શકે છે.

# આપ આયે, બહાર આઈ!

ગુજરાતમાં વર્ષોથી બે જ પક્ષોનું રાજકારણ ચાલતું રહ્યું છે અને છેલ્લા પચ્ચીસ વર્ષોથી તો ભારતીય જનતા પાર્ટીનું એકચક્રી શાસન ચાલી રહ્યું છે. પ્રજાને પરિવર્તન ગમે છે પણ એ છાપેલા કાટલાં કરતાં શેડ્યકઢા દૂધ જેવું હૂંફાળું નવું નેતૃત્વ પસંદ કરે; કેશુભાઈ અને કાશીરામની પરિવર્તન પાર્ટી કે રતુભાઈ - શંકરસિંહ પ્રાદેશિક પક્ષો કરતાં કોઈ નવા સંગઠનને પસંદ કરે, તો નવાઈ ન જ લાગવી જોઈએ. કોંગ્રેસ જેવી જૂની અને જાણીતી રાષ્ટ્રીય પાર્ટીનાં મૂળીયાં ધોવાઈ ગયાં છે. વચ્ચે વચ્ચે એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ લાગે પણ પછી એના જ ચૂંટાયેલા ધારાસભ્યોય લોભ-લાલચમાં આવીને અથવા રાતોરાત નરેન્દ્ર મોદી જ દેશનું કલ્યાણ કરી શકે એમ છે - 'મોદી હૈ તો મુમકીન હૈ' જેવું 'બ્રહ્મજ્ઞાન' લાધતાં પંજાવાળો તિરંગી ખેસ ઉતારી કેસરિયા કરતા રહે છે. આવા કેટલાક પ્રભાવશાળી નેતાઓને કેબિનેટમાં સમાવી પણ લેવાયા છે. પરંતુ ભાજપનો હાઈકમાંડ અર્થાત્ મહાન નેતાઓને એ પણ યાદ છે કે કયારેક જનસંઘકાળમાં શંભુ મહારાજ જેવા ધાર્મિક નેતા પણ હારી જતા હતા અને કયારેક આખા દેશમાં ભારતીય જનતા પાર્ટી સંસદની બે બેઠકો પર સીમિત થઈ ગઈ હતી. કોંગ્રેસનો એ સુવર્ણકાળ હતો. ગુજરાતમાં કોઈ એને માધવસિંહ સોલંકીના વિચક્ષણ નેતૃત્વ હેઠળ 'સોલંકી યુગ' પણ કહેતા હતા. સિદ્ધરાજ સોલંકીનો શાસનકાળ પ્રાચીન ગુજરાતનો સુવર્ણકાળ હતો. પછી તો એકાએક પ્રજામાં ધર્મ ભાવના જાગ્રત થઈ ગઈ એટલે જ્ઞાતિવાદી ચીમન પટેલ કે માધવસિંહ સોલંકી જેવા પ્રખર

**તંત્રીસ્થાનેથી...**

નેતાઓને ઓવરટેક કરીને અલ્પ શિક્ષિત છતાં ભારે કોઠાસૂઝ ધરાવતા કાઠિયાવાડી પાટીદાર કેશુભાઈ પટેલનો જમાનો આવ્યો. 'દિવસો કોઈના એક સરખા જાતા નથી' - એ જૂની રંગભૂમિના ગીત મુજબ ભારતીય જનતા પાર્ટીને સત્તાના શિખર સુધી પહોંચાડનારા કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા અને કાશીરામ રાણા જેવા પ્રાદેશિક નેતાઓ હાંસિયે ધકેલાયા અને ગુજરાતમાં નરેન્દ્ર મોદી બ્રાન્ડ 'પ્લેટિનમ યુગ' શરૂ થયો. સાંપ્રદાયિક ભાવનાએ હિંદુત્વના આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મોદીજીએ ખભે બેસાડી દિલ્હીના મયૂરાસન કે તખ્તે તાઉસ સુધી પહોંચાડી દીધા અને હવે તો માનનીય વડાપ્રધાનશ્રી ગુજરાત કરતાં વિશેષ ઉત્તરપ્રદેશના પ્રતિનિધિ છે. આ બધી ઊઠાપટક વચ્ચે નાનકડા દિલ્હીના લઘુરાજયનાં અરવિંદ કેજરીવાલ જેવો આધુનિક નેતા ઊપસી આવ્યો જે હવે પાંખો પસારી રહ્યો છે. એનામાં મોદી સામે બાથ ભીડવાની હિંમત છે એ તો વારાણસીમાં એમની સામે ઉમેદવારી કરીને સાબિત કરી જ દીધું હતું. દિલ્હીને સુશાસન આપીને એ આમ જનતાનો અવાજ બની રહેલ છે. ગુજરાતમાં પાટીદાર રાજકારણનો લાભ લેવાની તક છે. વળી કેટલાક બિન રાજકીય પ્રભાવશાળી સામાજિક કાર્યકરો, કલાકારો ને વિચારકો કોંગ્રેસ - ભાજપનો વિકલ્પ પણ શોધી રહ્યા છે. કેજરીવાલ કરોળિયાની સંઘર્ષગાથા પચાવીને બેઠેલા નેતા છે. એટલે એક બે વાર નિષ્ફળતા મળવાથી નિરાશ થવાના નથી. એમણે ગુજરાતના પોલિટિક્સ એપી સેન્ટર સુરત પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સોનાની મૂરત જેવું સુરત 'આપ'ને ઉમળકાભેર આવકારતું થયું છે. સુરતના કાઠિયાવાડી પાટીદારો સૌરાષ્ટ્રના રાજકારણને પ્રભાવિત કરી શકે છે. 'આપ' પાસે કોઈ મોટા ગજાની ફૂટી ગયેલી તોપો નથી, પણ એનું ધ્યાન નવલોહિયા ઉત્સાહી યુવા નેતાઓની ફોજ તૈયાર કરવા પર કેન્દ્રીય થયેલું છે. એથી એણે પાટીદાર આંદોલનના ગોપાલ ઈટાલિયાથી લઈ મીડિયાના લોકપ્રિય પ્રવક્તા ઈસુદાન ગઢવી અને 'ભામાશા' ગણાતા હીરાસમ્રાટ મહેશ સવાણીને મહત્ત્વ આપ્યું છે. ૨૦૨૨ની ચૂંટણીમાં નીતિન પટેલ કે રુપાણી કે કોંગ્રેસી ચહેરાઓ કરતાં 'આપ'ની નવી ટીમ વધુ જોર કરે એવી પૂરી શક્યતા છે. જો મોજું ઊભું થઈ ગયું તો એ સપાટો પણ બોલાવી દે, નહીંતર કિંમમેકર કે મુખ્ય વિરોધીપક્ષની ભૂમિકાએ તો જરૂર પહોંચી શકે છે.

# હાનિ લાભ જીવન મરણ યશ અપયશ વિધિ હાથ



અજવાળું - અજવાળું
તુષાર જોશી

ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ શ્રી રામચરિત માનસમાં લખ્યું છે.

"હાનિ લાભ જીવન મરણ યશ અપયશ વિધિ હાથ'' અર્થાત હાનિ-લાભ,જીવન-મરણ ,યશ-અપયશ આ ઘટનાઓ માનવીના હાથમાં નથી,વિધાતાના હાથમાં છે. એક ગુજરાતી ભજનમાં ગવાયું છે કે,''જાનકીનો નાથ પણ જાણી શક્યો નહીં કાલે સવારે શું થવાનું ...

આપણી આસપાસ એવી કેટલીયે ઘટનાઓ બનતી હોય છે જેમાં આપણને ખ્યાલ આવે છે કે માણસની સમજની બહાર હોય તેવી ઘટનાઓ બને છે. પછીથી આપણે વ્યક્તિગતરૂપે એને ચમત્કાર કે પરમ તત્વની કૃપા લેખે ઓળખાવીએ છીએ.

કેટલીયેવાર એવી એવી ઘટના બને છે જેમાં માણસના કે પ્રાણીના બચવાના ચાન્સ ૫૦૦% પણ ના હોય અને એ પૂર્ણ સ્વસ્થતા સાથે બચી જાય છે.આવા પ્રસંગે આપણે સહજપણે બોલી ઊઠીએ છીએ "રામ રાખે એને કોણ ચાખે ?''બુદ્ધિ જ્યાં અટકે ત્યાંથી શ્રદ્ધા અને ઈચ્છા જ્યાં અટકે ત્યાંથી કૃપા શરૂ થાય છેનો અનુભવ મને અને તમને અનેકવાર થયો છે.

આ વાતોનુ સ્મરણ થયું એના મૂળમાં બે-ત્રણ એવી ઘટનાઓ જ છે.તાજેતરમાં રમાયેલા યુરો કપની ફુટબોલ મેચમાં ફિનલેંડ સામેની મેચ દરમ્યાન જ ડેન્માર્કની ટીમનો કેપ્ટન એરિક્સન મેદાન પર જ ફસડાઈ પડ્યો,તેની નજીક સૌથી પહેલા પહોંચનાર ડેન્માર્કના જ ખેલાડી સિમોન કીરે પોતાની જાણકારી કે કોઠાસુઝથી એરિક્સનને મેડિકલ ઈમરજન્સીમાં જીવ બચાવવા અપાતી સી.પી.આર. ની સારવાર આપી,તે દરમ્યાન મેડિકલ ટિમ પણ પહોચી, તેને મેદાન બહાર લઈ ગયા, હોસ્પીટલમાં સારવાર આપી,તેના ડોક્ટર જે મેદાન પર ગયા હતા તેમણે કહ્યું કે,'' એરિક્સનનું હૃદય થોડી પળ માટે બંધ પડી ગયું હતુ, પણ સમયસર સારવાર મળતા ફરી તે ધબકતું થયું અને તેને જીવનદાન મળ્યું.''

બીજી ઘટના એથી પણ વધુ ચમત્કારી છે,અમેરિકાના મેસેચયુએટ્સમાં ૫૬ વર્ષના વ્યાવસાયિક ડાઈવર માઈકલ દરિયામાં ડૂબકી મારી વિવિધ જલચરો પકડવાનો અનુભવી છે.તે કોવબીચમાં ૩૦થી વધુ ફિટની ઉંડાઈએ હતો ત્યારે અચાનક તેને વ્હેલ માછલીએ પોતાના મોઢામાં પકડી લીધો, આંખો સામે અંધારું થઈ ગયું,પણ વ્હેલના દાંત ના વાગ્યા,એણે બહાર નીકળવા તાકાત કરી,૩૦-૪૦ સેકંડમાં વ્હેલે તેને પોતાના મોઢામાંથી પરત બહાર ફેંકી દીધો...

ત્રીજી ઘટના અમારા શોભનભાભીએ કહી.એમની દીકરી દક્ષિણ ગુજરાતમાં પરણી છે.ત્યાના એક પરિવારનો ૩૦-૩૨ વર્ષનો યુવાન કોરોનામાં સપડાયો,આ એ સમય હતો જ્યારે પૈસા દેતા પણ હોસ્પીટલમાં બેડ, ઑક્સીજન કે વેન્ટિલેટર મળતા ન હતા? એક હોસ્પીટલમાં આ પરિવારના સભ્યો ધક્કા ખાતા હતા પણ જગ્યા ખાલી થાય તો એમને વેન્ટિલેટર મળેને ??? ...હવે આ પરિવારની પીડા એક બીજા પરિવારના સભ્યોએ જોઈ. એ પરિવારના ૮૦ કરતાં વધુ વયના માજી હોસ્પીટલમાં વેન્ટિલેટર પર હતા.યુવાનના પરિવારની વેદના, ચિંતા કે દોડધામ જોઈને કોણ જાણે કેમ એ પરિવારના હૈયે રામ વસ્યા તે એમણે નક્કી કર્યું કે માજીને જનરલ બેડ પર લઈ લ્યો, પણ આ જુવાનને વેન્ટિલેટર સુવિધા આપો.ડોક્ટરે બેઉ પરિવારની અનુમતિ લીધી..માજીનો બેડ ખાલી થયો ને એ યુવાનને એની જગ્યાએ સારવાર શરૂ થઈ. કહેવાય છે ને અનુભવ્યું પણ છે કે જ્યારે શુભ હેતુથી કોઈ કામ થાય છે ત્યારે પરમેશ્વર પણ મદદ કરે છે. થયું એવું કે એ માજી પણ સાજા થઈને ઘરે ગયા ને પેલો યુવાન પણ...

માત્ર સ્વાર્થના નહીં,પરમાર્થના કર્મો પણ આપણને ઉપકારક બનતા હોય છે.સાચા દિલથી કરવામાં આવતી પ્રાર્થના કે પ્રયત્ન જો પરમાત્માની કૃપા હોય તો ચમત્કારિક પરિણામ આપે જ છે ને ધાર્યું ધરણીધરનું થાય એ શબ્દોમાં સમાયેલી શ્રદ્ધાના દિવડાના અજવાળા રેલાય છે.

# અહં બ્રહ્માસ્મિ તથા પ્રજ્ઞાનં બ્રહ્મ



વિચારયાત્રા
ડો. જય ઓઝા

ગત લેખમાં આપણે તત્ત્વમસિ ની છણાવટ સમજ્યાં હતાં. આજે બીજા બે મહાવાક્ય અહં બ્રહ્માસ્મિ તથા પ્રજ્ઞાનં બ્રહ્મ વિશે વાત કરીશું.

અહં બ્રહ્માસમિ

પ્રારંભમાં માત્ર બ્રહ્મ જ હતું. તેણે પોતાના સ્વરૂપને જાણ્યુ કે હું બ્રહ્મ છું, તેથી તે સર્વ બની ગયું. દેવોમાંથી જેઓને તેને જાણ્યું તેઓ તદ્રૂપ બની ગયા. તે જ રીતે ઋષિઓ અને મનુષ્યોમાંથી જેમણે તેને જાણ્યું તેઓ પણ તદ્રૂપ બની ગયા. તે બ્રહ્મને આત્મારૂપે જોતા ઋષિ વામદેવ જાણ્યું, "હું મનુ બન્યો અને સૂર્ય પણ.'' તે આ બ્રહ્મને આજે પણ જેઓ આ રીતે જાણે કે હું બ્રહ્મ છું, તે સર્વ બની જાય છે. દેવતાઓ પણ તેનો પરાભવ કરી શકતા નથી, કેમકે તે તેમનો આત્મા બની જાય છે. જે અન્ય દેવતાઓની, ?આ અન્ય છે અને હું અન્ય છું' એવી રીતે ઉપાસના કરે છે તે જાણતો નથી. જેમ પશુ હોય છે તેમ તે દેવતાઓનો પશુ છે. જેમ લોકમાં ઘણાં પશુઓ મનુષ્યનું પાલન કરે છ તેમ એકએક મનુષ્ય દેવતાઓનું પાલન કરે છે. એક પશુનું હરણ થવાથી સારુ લાગતું નથી, તો પછી ઘણાંનું હરણ થાય તો પછી કહેવું જ શું ? તેથી મનુ,ય બ્રહ્મતત્ત્વને જાણે, તે દેવતાઓને પ્રિય નથી.

પ્રારંભમાં માત્ર બ્રહ્મતત્ત્વ જ હતું. બ્રહ્મ સજ્ઞાત તત્ત્વ છે તેથી તેને જ્ઞાન છે કે હું બ્રહ્મ છું. અને બ્રહ્મ સર્વસ્વરૂપ પણ છે. ઋષિઓ કે મનુષ્યોમાંથી જો કોઈ જાણે કે હું બ્રહ્મ છું તો તે બ્રહ્મસ્વરૂપ બની જાય છે, કારણ કે બ્રહ્મવિદાન્પોતિપરમ્ ? અને બ્રહ્મ તો સર્વસ્વરૂપ છે, તેથી જે કોઈ પોતાને બ્રહ્મસ્વરૂપ જાણે છે તે સર્વસ્વરૂપ બની જાય છે.

'અહં બ્રહ્માસમિ' મહાવાક્યમાં ત્રણ પદ છે - અહં, બ્રહ્મ, અને અસ્મિ.

૧. અહં' પદનો વાચ્યાર્થ.

અલ્પશક્તિમાન, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અનીશ, કર્મને આધીન, પ્રત્યક્ષ, બંધમોક્ષવાળો – આ ધર્મોથી યુક્ત જીવ ????' પદનો વાચ્ય છે.

૨. બ્રહ્મ' પદનો વાચ્યાર્થ.

સર્વશક્તિમાન, સર્વજ્ઞ, વિભુ, ઈશ, સ્વતંત્ર, પરોક્ષ, માયી અને બંધમોક્ષરહિત – આ ધર્મોથી યુક્ત ઈશ્વર ?બ્રહ્મ' પદનો વાચ્ય છે.

૩. અસ્મિ' એટલે છું.

'અસ્મિ' પદ 'અહં' અને બ્રહ્મ'ની એકતા સૂચવે છે, બંનેને જોડે છે.

'અહં બ્રહ્માસ્મિ' એટલે ?હું બ્રહ્મ છું.' આ મહાવાક્ય દ્વારા જીવ-બ્રહ્મની એકતા સૂચિત કરવામાં આવે છે. પરંતુ વાચ્યાર્થ દ્વારા આ એકતા સિદ્ધ થઈ શકે તેમ નથી, કારણ કે બંનેના ધર્મોમાં ઘણી ભિન્નતા રહેલી છે. તેથી આ મહાવાક્યનો અર્થ કરવા માટે પણ લક્ષ્યાર્થ લેવો આવશ્યક છે.

જીવ અને ઈશ્વરના ધર્મોમાં કેટલીક સમાન્તા છે, તેથી અહીં જહતી લક્ષણા લઈ શકાય તેમ નથી. તે જ રીતે જીવ અને ઈશ્વરના ધર્મોમાં કેટલીક ભિન્નતા પણ છે તેથી અહીં અજહતી લક્ષણા પણ લઈ શકાય તેમ નથી. બંનેના ધર્મોમાં આંશિક સમાનતા અને આંશિક ભિન્નતા રહેલી છે, તેથી અહીં ભાગ-ત્યાગ લક્ષણા લેવી જોઈએ, કારણ કે ભાગ-ત્યાગ લક્ષણામાં વાચ્યાર્થના અમુક અંશનો ત્યાગ અને અમુક અંશનો સ્વીકાર કરી શકાય છે.

૧. 'અહં' પદનો વાચ્યાર્થ જીવ છે, જે અલ્પજ્ઞતા આદિ ધર્મોથી યુક્ત છે. પરંતુ જીવનું અધિષ્ઠાન એટલે કે મૂળરૂપ બ્રહ્મ છે. ભાગ-ત્યાગ લક્ષણા મુજબ 'અહં' પદનો લક્ષ્યાર્થ 'બ્રહ્મ' છે.

૨. 'બ્રહ્મ' પદનો વાચ્યાર્થ ઈશ્વર છે, જે સર્વજ્ઞતા આદિ ધર્મોથઈ યુક્ત છે, પરંતુ ઈશ્વરનું અધિષ્ઠાન એટલે કે મૂળરૂપ બ્રહ્મ છે. ભાગ-ત્યાગ લક્ષણા મુજબ બ્રહ્મ' પદનો લક્ષ્યાર્થ નિર્વિશેષ ?બ્રહ્મ' છે.

આ રીતે ભાગ-ત્યાગ લક્ષણા પ્રમાણે બંને પદો દ્વારા ?બ્રહ્મ' લક્ષિત થાય છે, તેથી બંનેની એકતા સિદ્ધ થાય છે.

તૃતીય પદ 'અસ્મિ' પ્રથમ બંને પદોને જોડનાર છે.

તેથી 'અહં બ્રહ્માસમિ' વાક્યનો લક્ષ્યાર્થ થાય છે ?હું બ્રહ્મ છું.' રીતે મહાવાક્ય દ્વારા જીવ અને બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ થાય છે.

'અહં બ્રહ્માસમિ' આ મહાવાક્યનું ચિંતન અને તે સ્વરૂપની ચિંતનસાધનાને અહંગ્રહોપાસના કહે છે. ઉત્તરકાલીન વેદાંતસાધાનામાં આ સ્વરૂપની ઉપાસનાનો ઘણો વિકાસ થયો છે. સ્વામી રામતીર્થની સાધનપદ્ધતિ આ સ્વરૂપની હતી.

૩. પ્રજ્ઞાનં બ્રહ્મ

"આ બ્રહ્મા, આ ઈન્દ્ર, આ પ્રજાપતિ, આ સર્વ દેવતાઓ, આ પાંચ મહાભૂતો – પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ, આ નાનાં મોટાં બીજસ્વરૂપ પ્રાણીઓ, અન્ય બીજાં અંડજ પ્રાણીઓ, ઓરજ પ્રાણીઓ, સ્વેદજ પ્રાણીઓ, ઉદ્ભિજ પ્રાણીઓ, અશ્વો, ગાયો, પુરુષો, હાથીઓ, જે કોઈ જંગમ પ્રાણીઓ છે તે, પક્ષીઓ અને સ્થાવર પ્રાણીઓ છે તે બધાં પ્રજ્ઞાનેત્ર છે અને પ્રજ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે. આ સમસ્ત લોક પ્રજ્ઞાનેત્ર છે. પ્રજ્ઞા જ સર્વની પ્રતિષ્ઠા છે. પ્રજ્ઞાન બ્રહ્મ છે.''

ઐતેરેયોષનિષદના આ મંત્રનાં બે અંતિ પદોનું બનેલું અંતિ વાક્ય તૃતીય મહાવાક્ય છે – 'પ્રજ્ઞાનં બ્રહ્મ'।

સમગ્ર મંત્રમાં એવો અર્થ નીકલે છે કે આ બ્રહ્માંડમાં જડચેતન, સ્થાવરજંગમ જે કાંઈ છે તે બધું પ્રજ્ઞાનને ધારે છે, પ્રજ્ઞાન સૌની પ્રતિષ્ઠા – આધાર છે. પ્રજ્ઞા જ સૌની દૃષ્ટિ છે. સૌ પ્રજ્ઞા થકી દૃષ્ટિમાન બન્યા છે. પ્રજ્ઞાનને આ મંત્રમાં સમગ્ર બ્રહ્માંડનો કેન્દ્રસ્થ આધાર ગણેલ છે. આ રીતે આ મંત્રમાં પ્રજ્ઞાનની મહત્તાનું ગાન થયું છે, પરંતુ મહાવાક્ય 'પ્રજ્ઞાનં બ્રહ્મ' ના અર્થનું ઉદ્ઘાટન અહીં થયું નથી.

અદ્વૈતવેદાંતની પરંપરા મુજબ 'પ્રજ્ઞાનં બ્રહ્મ' નો શાસ્ત્રીય અર્થ શું કરવામાં આવે છે અને કઈ પદ્ધતિથી તે અર્થ કરવામાં આવે છે તે આપણે સમજીએ અને તેને આધારે આ મહાવાક્યનો વિવેક કરવાની પદ્ધતિ સમજી શકાશે.

મહાવાક્યવિવેક

'પ્રજ્ઞાનં બ્રહ્મ' મહાવાક્યમાં બે પદ છે – પ્રજ્ઞાનં અને બ્રહ્મ.

૧. પ્રજ્ઞાનં પદનો વાચ્યાર્થ

અલ્પશક્તિમાન, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અનીશ, કર્મને આધીન, પ્રત્યક્ષ, બંધમોક્ષવાળો – આ ધર્મોથી યુક્ત જીવ ?પ્રજ્ઞાન' પદનો વાચ્ય છે. 'પ્રજ્ઞાનં' એટલે જ્ઞાનસ્વરૂપ જીવ.

૨. 'બ્રહ્મં' પદનો વાચ્યાર્થ

સર્વશક્તિમાન, સર્વજ્ઞ, વિભુ, ઈશ, સ્વતંત્ર, પરોક્ષ, માયી અને બંધમોક્ષરહિત – આ ધર્મોથી યુક્ત ઈશ્વર બ્રહ્મં' પદનો વાચ્ય છે.

'પ્રજ્ઞાનં બ્રહ્મ' એટલે જીવ બ્રહ્મ છે. આ મહાવાક્ય દ્વારા પણ જીવ-બ્રહ્મની એકતા સૂચિત કરવામાં આવે છે. પરંતુ વાચ્યાર્થ દ્વારા આ એકતા સિદ્ધ થઈ શકે તેમ નથી, કારણ કે બંનેના ધર્મોમાં ઘણી ભિન્નતા છે. તેથી આ મહાવાક્યનો અર્થ કરવા માટે પણ લક્ષ્યાર્થ લેવો આવશ્યક છે.

જીવ અને ઈશ્વરના ધર્મોમાં કેટલીક સમાનતા છે, તેથી અહીં જહતી લક્ષણા લઈ શકાય તેમ નથી. તે જ રીતે જીવ અને ઈશ્વરના ધર્મોમાં કેટલીક ભિન્નતા પણ છે, તેથી અહીં અજહતી લક્ષણા પણ લઈ શકાય તેમ નથી. બંનેના ધર્મોમાં આંશિક સમાનતા અને આંશિક ભિન્નતા રહેલી છે તેથી અહીં ભાગ-ત્યાગ લક્ષણા લેવી જોઈએ, કારણ કે ભાગ-ત્યાગ લક્ષણામાં વાચ્યાર્થના અમુક અંશનો ત્યાગ અને અમુક અંશનો સ્વીકાર કીર શકાય છે.

૧. 'પ્રજ્ઞાનં' પદનો વાચ્યાર્થ જીવ છે, જે અલ્પજ્ઞતા આદિ ધર્મોથી યુક્ત છે. પરંતુ જીવનું અધિષ્ઠિત એટલે કે મૂળરૂપ બ્રહ્મ છે. ભાગ-ત્યાગ લક્ષણા મુજબ 'પ્રજ્ઞાનં' પદનો લક્ષ્યાર્થ 'બ્રહ્મ' છે.

૨. બ્રહ્મ' પદનો વાચ્યાર્થ ઈશ્વર છે, જે સર્વજ્ઞતા આદિ ધર્મોથી યુક્ત છે. પરંતુ ઈશ્વરનું અધિષ્ઠાન એટલે કે મૂળરૂપ બ્રહ્મ છે. ભાગ-ત્યાગ લક્ષણા મુજબ 'બ્રહ્મ' પદનો લક્ષ્યાર્થ નિર્વિશેષ ?બ્રહ્મ' છે.

આ રીતે ભાગ-ત્યાગ લક્ષણા પ્રમાણે બંને પદો દ્વારા ?બ્રહ્મ' લક્ષિત થાય છે, તેથી બંનેની એકતા સિદ્ધ થાય છે.

તેથી 'પ્રજ્ઞાનં બ્રહ્મ' મહાવાક્યનો લક્ષ્યાર્થ થાય છેઃ 'જીવ બ્રહ્મ છે.' આ રીતે આ મહાવાક્ય દ્વારા જીવ અને બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ થાય છે.

**નોંધ : ગત સપ્તાહથી ચાલી રહેલ મહાવાક્ય લેખમાળા માટે ઘણાં પુસ્તકોનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે અને વાચકોને આ તત્ત્વચિંતનનો કઠિન પાઠ સરળતાથી સુલભ થાય તેના માટેનો નમ્ર પ્રયાસ છે. મુખ્ય જે ત્રણ પુસ્તકોનો સંદર્ભ તરીકે પ્રયોગ કર્યો છે તેમાં ઉપનિષત્સંચય : કેશવલાલ શાસ્ત્રી, ચૌખમ્બા સંસ્કૃત પ્રતિષ્ઠાન, ઉપનિષદ વિદ્યા : ભાણદેવજી, પ્રવીણ પુસ્તક ભંડાર, ભારતીય દર્શન : ડો.રાધાકૃષ્ણન, રાજપાલ પ્રકાશનનો સમાવેશ થાય છે.**

# જીવનના એક નાના સરખા ટૂકડાને બદલવાથી શરૂઆત તો કરીએ...



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જિંદગીનો મૂળ સ્વભાવ આપીને આનંદ કરવાનો છે. વહેચીને સુખ મેળવવાનો છે. જીવન જેમ તેમ અને આડુ અવળું જીવવાની વસ્તુ નથી. જીવન એક મધુર સંગીત છે એમાંથી સૂર નીકળતા રહેવા જોઈએ. બાહ્ય વર્તણૂંકો તો પડદો ખૂલ્યા બાદ મંચ ઉપર દેખાતા નટની કલા માત્ર છે. મૂળ વાત તો પડદા પાછળ અંતરમનની ઉદારતા છે. વ્યક્તિ હંમેશા પોતાના માટે મથતો રહે છે. પોતાના દરેક કાર્યોનાં કેન્દ્રમાં બાળકો, પત્ની, માતા-પિતા, સંબંધીઓ રહેતા હોય છે. સ્વકેન્દ્રીને બીજાને આપવાના અદભુત આનંદનો અંદાજ હોતો નથી.

બીજાને આપવાનો અને બીજા સાથે વહેંચવાના આનંદની વાત બુધ્ધે સરસ દ્રષ્ટાંત સાથે સમજાવી છે. એકવાર બુધ્ધ પાસે અત્યંત ગરીબ વ્યક્તિ આવ્યો અને કહ્યું, 'હું આટલો બધો ગરીબ કેમ છું ? મને પૈસાની આટલી બધી તકલીફ કેમ પડે છે ?઼ બુધ્ધે એને કહ્યું, 'તારી ગરીબીનું કારણ છે, તું લોકોને તારી પસે જે છે એ વહેંચતો નથી. તું ઉદાર નથી.઼

પેલો વ્યક્તિ તો બુધ્ધનો આ જવાબ સાંભળી ચકીત થઈ ગયો. એણે કહ્યું, 'તમે ગજબ વ્યક્તિ છો. મારી પાસે ખાવાના કે પહેરવા-ઓઢવાના પણ પૈસા નથી અને તમે કહો છો કે હું દાન કરું ? ઉદાર બનું ? કેવી રીતે આ શક્ય છે ?'

બુધ્ધે એને કહ્યું, 'કોણે કહ્યું તારી પાસે કશું નથી. તારી પાસે પાંચ કિંમતી રત્નો છે. જેને તું છૂટથી બીજા સાથે વહેંચી શકે છે. ઉદારતાથી



લોકોને આપી શકે છે. પેલા વ્યક્તિને વધુ આશ્ચર્ય થયું. પાંચ એવા તો કયા રત્નો મારી પાસે છે કે, જે બીજા સાથે વહેંચી શકું. એ શૂન્ય મનસ્ક બુધ્ધ સામે તાકી રહ્યો.

પ્રથમ રત્ન વિશે બુધ્ધે સમજ આપતાં કહ્યું કે, તારી નહીં કોઈ પણ વ્યક્તિ પાસે સૌથી પહેલું અને કિમતી રત્ન છે. નિર્મળ સ્મિત. નિર્દોષ હાસ્ય. લોકો સાથે સરસ મઝાનુ સ્મિત છુટથી વહેંચવાનું શરૂ કરવામાં કંજુસાઈ ન કરવી. આની કોઈ કિંમત નથી છતાં અત્યંત મુલ્યવાન છે. સ્મિતથી સકારાત્મક ઊર્જા ઊભી થાય છે. આસપાસ હકારાત્મક વાતાવરણની પરિધિનું નિર્માણ આપોઆપ તહવા લાગે છે. મન અને હદય પુલકિત થવા લાગે છે.

આંખ વ્યક્તિનું બીજું અણમોલ રત્ન છે. કશું પણ બોલ્યા વગર સ્નેહાળ નજરે બીજાને જોવાથી એક અણદીઠો અદભુત આનંદનો અલંકાર સર્જાય છે. એ જ પ્રમાણે જીભ વ્યક્તિ પાસેનું ત્રીજું કિંમતી રત્ન છે. સામેવાળી વ્યક્તિમાં ઊર્જા ભરી દે એવા મધુર શબ્દો બોલાય ત્યારે આજુબાજુનો માહોલ મસ્ત બની જાય છે. સકારાત્મક શબ્દોના વિચારો ઉદાર હાથે વહેંચવાથી એની સુંદર પોઝીટીવ ચેનલ ઉભી થઈ જાય છે.

બુધ કહે છે, ચોથું કિંમતી રત્ન વ્યક્તિનું હૃદય છે. જેમાં એ બીજા માટે સુખ, આનંદ અને પ્રગતિ માટે દુઆ કરી શકે. હૃદયમાંથી ઉગેલી સાચી દુઆ છૂટથી લોકોમાં વહેંચવાથી સમસ્ત સમાજમાં સૌના માટે શુભચિંતનની ચેતના ઉજાગર તાય છે. અને છેલ્લું સૌથી મહત્વનું કિંમતી રત્ન વ્યક્તિનું શરીર છે. જેના દ્વારા એ બીજાને કામ આવી શકે છે. બીજાની મુશ્કેલીમાં એની પડખે ઊભો રહી શકે છે.

સામાન્ય રીતે પૈસા હોય તો જ બીજાને મદદ કરી શકાય એવો ખ્યાલ હોય છે. પરંતુ પૈસા હોય તો ભીખ આપી શકાય. ભીખ પાંચ રૂપિયાની હોય, પાંચ લાખની હોય કે પછી પાંચ કરોડની પણ હોય. ભીખ એ ઉદારતા અને સુખ વહેચવાનુ સાધન નથી. કદાચ ભીખ પોતાની સધ્ધરતા સિધ્ધ કરવાનો અહંકારી આનંદ પણ હોઈ શકે. એક સ્નેહાળ સ્પર્ષ, નિર્દોષ સ્મિત, ઊર્જાસભર શબ્દોની મદદ કદાચ જીવનભર યાદ રહી જાય છે. આવી વર્તણૂક અનન્ય આનંદ આપતો રહે છે.

એવું પણ નથી કે પૈસા જરૂરી નથી. જીવન જીવવા અને આર્થિક વ્યવહારો સાચવવા નાણાં ચોક્કસ અગત્યના છે પરંતુ એ પણ એટલું જ અગત્યનું છે કે પાસે કશું ન હોય, ખીસ્સા ખાલી હોય તો પણ આપણી ક્ષમતા અનુસાર જીવનનો નાના સરખો ટૂકડો અવશ્ય બદલી શકીએ. 'વૉલેટ઼ (પાકીટ) કરતાં 'વીલ' (ઈચ્છા)માં સાચી અમીરીનો અહેસાસ થાય ત્યારે ખરું.

**ધબકાર :**

આનંદમાં રહેવાની કળા માટે કોઈ કિતાબ કામમાં નથી લાગતી.